એસ. એસ. સી. બોર્ડની પરીક્ષામાં પાલનપુર તેમજ ભાભરમાં બે કોપી કેસ

પાલનપુર, તા.૧૩

ગુજરાત સરકારના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડની ધો.૧૦-૧૨ ની પરીક્ષા ચાલી રહી છે. ત્યારે એસ.એસ.સી.બોર્ડની પરીક્ષામાં પાલનપુર અને ભાભરમાંથી ૨ કોપી કેસ નોંધાયા હોવાના અહેવાલ સાંપડ્યા છે.

એસ.એસ.સી અને એચ.એસ.સી. બોર્ડની પરીક્ષામાં વિદ્યાર્થીઓ શાંતિપૂર્ણ માહોલમાં નિર્ભય રીતે પરીક્ષા આપી શકે તે માટે તંત્ર દ્વારા તકેદારીના પગલાં ભરવામાં આવી રહ્યા છે. જેમાં બનાસકાંઠા જિલ્લામાં રોજ-બરોજ પરીક્ષામાં કોપી કેસ થઇ રહ્યા છે. જેમાં ગણિતના પેપરમાં ભાભર અને પાલનપુરમાં કોપી કેસ થયા છે.

પાલનપુરના રામપુરા માં આવેલી સાર્વજનિક હાઈસ્કૂલમાં ધો.૧૦ ની પરીક્ષામાં ગણિતનું પેપર આપી રહેલ વિદ્યાર્થી પરમાર શાંતિભાઈ જગદીશભાઈ કાપલી વડે કોપી કરતા ઝડપાયો હતો. જયારે ભાભર માં આવેલ આંનદ પ્રકાશ ઉત્તર બુનિયાદી સ્કૂલમાં પરમાર કિરણ કેશાભાઈ નામનો વિદ્યાર્થી ધો.૧૦ ની પરીક્ષામાં ગણિતનું પેપર મોબાઈલ વડે કોપી કરતો પકડાયો હોઈ આ બંને વિદ્યાર્થી વિરુદ્ધ કોપી કેસ કરાયા હતા. બનાસકાંઠામાં ધો.૧૦ ના ગણિત ના પેપરમાં કુલ ૬૨૧૧૭ વિદ્યાર્થીઓ નોંધાયા હતા જેમાં ૬૦૪૭૮ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જયારે ૧૬૩૯ વિદ્યાર્થી કોઈ કારણસર ગેરહાજર રહેતા પરીક્ષા થી ગેરહાજર રહી જવા પામ્યા હતા.

હાર્દિકની ચૂંટણી લડવા અંગેની અરજી જજે 'નોટ બીફોર મી'કરી

ગાંધીનગર, તા.૧૩

હાર્દિક પટેલે લોકસભા ચૂંટણી લડવા માટે વિસનગર કોર્ટનો સજાનો હુકમ મોકૂફ કરવા હાઈકોર્ટમાં અરજી કરી હતી. જેમાં આજે થયેલી સુનાવણીમાં હાઈકોર્ટના જસ્ટિસ આર.પી ધોલારીયાએ નોટ બીફોર મી કરી હતી, હવે આ અરજી હાઈકોર્ટના ચીફ જસ્ટિસ દ્વારા અન્ય કોર્ટમાં સુનાવણી અર્થે મોકલવામાં આવશે. વિસનગર એમએલએની ઓફિસમાં તોડફોડના કેસમાં હાર્દિક પટેલે વિસનગર કોર્ટના બે વર્ષની સજા ફટકારતા ચુકાદા સામે હાઈકોર્ટમાં અરજી કરી હતી. હાર્દિક આગામી લોકસભાની ચૂંટણી લડવા માંગતો હોવાથી તેણે આ અરજી કરી હતી. વિસનગર કેસમાં હાર્દિક પટેલને બે વર્ષની સજા પડી છે. રિપ્રેઝન્ટેશન ઓફ પીપલ્સ એકટ પ્રમાણે જેલની સજા

ભોગવી રહેલા વ્યક્તિને ચૂંટણી લડવામાં કાયદાકીય મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. હાર્દિકે અવરોધ વિના લોકસભાની ચૂંટણી લડી શકે તે માટે હાઈકોર્ટમાં અરજી કરી જણાવ્યું હતું કે, હાઈકોર્ટે ટ્રાયલ કોર્ટના સજાના હુકમ સામે સ્ટે ફરમાવવો જોઈએ, કારણ કે, તેનાથી તેના બંધારણીય અને લોકસભાની ચૂંટણી લડવા અંગેના અધિકાર પર તરાપ પડી છે, જેથી હાઈકોર્ટે અરજદારની દાદ ગ્રાહ્ય રાખવી જોઈએ. જો કે, હાઈકોર્ટના જસ્ટિસ આર.પી. ઢોલરિયાએ હાર્દિકની આ અરજી આજે નોટ બીફોર મી કરી હતી. હવે હાર્દિકની અરજી પર અન્ય જજની કોર્ટમાં સુનાવણી હાથ ધરાશે. ઉલ્લેખનીય છે કે, પાટીદાર અનામત આંદોલન દરમિયાન મહેસાણાના વિસનગરના ધારાસભ્ય ઋષિકેશ પટેલની ઓફિસમાં કરવામાં આવેલી તોડફોડ મામલે વિસનગર કોર્ટે હાર્દિક પટેલ, લાલજી પટેલ અને એ.કે.પટેલને આ કેસમાં દોષિત જાહેર કર્યા હતા. આ કેસમાં કોર્ટે ત્રણેય આરોપીઓને બે-બે વર્ષની સજા તેમજ રૂ. ૫૦-૫૦ હજારનો દંડ ફટકાર્યો હતો. સજા બાદ કોર્ટે ત્રણેય આરોપીઓને શરતી જામીન પર મુક્ત કર્યા હતા. આ કેસમાં કોર્ટમાં હાજર ન રહેલા હાર્દિક પટેલ અને લાલજી પટેલ સામે અગાઉ કોર્ટે ધરપકડ વોરંટ પણ ઈશ્યૂ કર્યું હતું.

દરમ્યાન ગઈકાલે જ પાટીદારોને અનામત આપવાની લડત ચલાવનાર હાર્દિક પટેલ હવે કોંગ્રેસમાં જોડાઈ ગયો છે. જામનગરથી ચૂંટણી લડવાની તેણે તૈયારી બતાવી છે. રાહુલ ગાંધીએ હાર્દિક ચૂંટણી જીતી જશે તેવો દાવો પણ કરી દીધો છે, પરંતુ કાયદાકીય રીતે હાર્દિક ગુંચવાયો છે.

મડાણા(ગઢ)માં દબાણ દૂર ન થતા ખેડૂતે દેહત્યાગ કરવા મંજુરી માંગતા ચકચાર

હુકમ થયો હોવા છતા તંત્ર દ્વારા દબાણ દૂર ન કરાતા ખેડૂત જીવન ટૂંકાવવા તૈયાર

પાલનપુર, તા.૧૩

પાલનપુર તાલુકાના મડાણા (ગઢ) ગામે ખેડુતના મકાન આગળ કેબીન મુકી દબાણ કરવામા આવતા ખેડુતને પોતાના ઘરમાં જવાનો માર્ગ બંધ થયો છે. રહેણાંક મકાન આગળ જ કેબીન મુકી દેવાતા ઘરમાં અવરજવર ને લઈ મુશ્કેલીમા મુકાયેલા ખેડૂતે પોતાના મકાન આગળ ના કેબીન ને દૂર કરવા ગ્રામ પંચાયત તેમજ ઉચ્ચકક્ષાએ અનેકવાર રજુઆત કરી હોવા છતાં તંત્ર દ્વારા આ દબાણ મામલે કોઈ પગલાં ભરવામા ન આવતા આખરે દબાણની સમસ્યાથી પીડાતા ખેડુતે મુખ્યમંત્રી પાસે દેહત્યાગ કરવાની મંજુરી માગી છે.

પાલનપુર તાલુકાના મડાણા (ગઢ) ગામના ખેડૂત દ્વારકાભાઈ ચેલાભાઈ મેણાત નુ મડાણા ગામે બસસટેન્ડ નજીક મકાન આવેલુ છે તેમના મકાન ની આગળ ગામ નાજ એક ઈસમ દ્વારા લોખંડ નુ કેબીન મુકી દેવાતા આ પરીવારને મકાન મા જવા આવવા માં મુશ્કેલી ઓ ઉભી થતા તેમજ ખેતી ને લગતો સામાન લઈ જવામાં અગવડતા ઓ ઉભી થતાં તેમને ગ્રામપંચાયત, તાલુકા પંચાયત, જીલ્લાપંચાયત, કલેકટર સુધી કેબીન ના દબાણ ને દુર કરવા રજુઆતો કરી હતી પરંતુ તંત્ર દ્વારા આ મામલે કોઈ જ પ્રકારના પગલાં ભરવામાં ના આવતાં આખરે આ મામલે મુખ્યમંત્રીના ફરીયાદ નિવારણ કાર્યક્રમમા બે-બે વાર ફરીયાદ કરાઈ હતી. જેમા અરજદાર ના મકાન આગળ નુ દબાણ દુર કરવાનો હુકમ કરાયો હતો તેમ છતાં મડાણા ગ્રામપંચાયત ના સત્તાધીશો સરકાર ના આ હુકમ ને ઘોળી ને પી જતા દબાણ ની સમસ્યા જૈસેથે રહેતાં છેલ્લે કંટાળી ને ખેડુત દ્વારકાભાઈ મેણાતે ન્યાય માટે પોતાના ઘર આગળ નુ દબાણ દુર ન થતાં રાજય ના મુખ્યમંત્રી વિજય રૂપાણી ને પોતાના દેહત્યાગ માટે ની મંજુરી આપવા ની માંગણી કરી છે છેલ્લા બબ્બે વર્ષથી સરકારી કચેરીઓ માં ધકકા ખાઈ કંટાળેલા ખેડુતે ન્યાય ન મળતા આખરે દેહત્યાગ કરવા સરકાર સમક્ષ માંગણી કરી છે ત્યારે શુ સરકાર આ ખેડુત ને ન્યાય અપાવેશે કે કેમ તે તો આવનારો સમય બતાવશે.

દબાણદારોને સત્તાધીશો છાવરતા હોવાની રાવ

મડાણા (ગઢ) ગામે મકાન ના દરવાજા આગળ મુકવા મા આવેલા કેબીન ને દુર કરવા માટે ગ્રામપંચાયત થી જીલ્લા ની ઉચ્ચ અધિકારીઓ ની કચેરીઓના ચક્કર કાપવા છતા ન્યાય ન મળતા છેવટે મુખ્યમંત્રી ફરિયાદ નિવારણ મા આ દબાણ ને દુર કરવા નો હુકમ થયો હોવા છતા પંચાયત સત્તાધીશો દ્વારા દબાણ ને છાવરવા મા આવતુ હોવાના અરજદાર દ્વારકાભાઈ મેણાતે આક્ષેપ કર્યો હતો.

પ્રાંતિજ ખાતે પોષણ જાગૃતિ રેલી યોજાઈ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ભોઈવાસ ખાતે આવેલ આંગણવાડીથી પોષણ જાગૃત રેલી યોજાઈ હતી. જેમાં શાળાના વિદ્યાર્થીઓ દ્વારા બેનરો પોસ્ટો સાથે સાઈકલ રેલી નિકળી હતી. પ્રાંતિજ ખાતે પોષણ અભિયાન અંતર્ગત પોષણ તહેવારની ઉજવણી ૮ થી ૨૨ માર્ચ સુધી કરવામાં આવનાર હોવાથી જીલ્લા વહીવટીતંત્ર અને પ્રાંતિજ તાલુકા દ્વારા પોષણ પખવાડીયાની ઉજવણી કરવામાં આવેલ. જેમાં ૧૩ માર્ચના રોજ પોષણ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાંતિજ ભોઈવાસ આંગણવાડીથી રેલીરેલી યોજાઈ હતી તો સગર્ભામાતા, ધાત્રીબહેનો અને આંગણવાડી લાભાર્થી પોષણ અંગે જાગૃત કરવા માટે આ રેલી યોજવામાં આવેલ હતી.

પાલનપુરમાં રાત્રે ચાલતા જુગારધામ પર પોલીસ ત્રાટકી : બે જુગારીયા ઝડપાયા : ત્રણ ફરાર

પોલીસે ૨૮૩૦નો મુદ્દામાલ કબ્જે કરી પાંચ જુગારીયાઓ વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી

પાલનપુર, તા.૧૩

પાલનપુર શહેરના સાત સંચા વિસ્તાર માં રાત્રીના સમયે તીનપત્તિ નો જુગાર રમાતો હોવાની બાતમીના આધારે પોલીસે જુગારના અડ્ડા ઉપર ઓચિંતી રેડ કરી હતી. જેમાં તીનપત્તી નો જુગાર ખેલતા બે જુગારીયાઓ પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા. જ્યારે ત્રણ જુગારીયા પોલીસને હાથતાળી આપી ફરાર થઈ ગયા હતા.

પાલનપુરના સાતસંચા વિસ્તારમાં સોમવારની રાત્રે જાહેરમાં જુગાર ખેલાતો હોય પાલનપુર શહેર પૂર્વ પોલીસ ની ટીમે આ જુગારધામ ઉપર ઓચિંતી રેડ કરી હતી. જેમાં ગંજીપાના થી પૈસા ની હારજીત નો તીનપત્તિ જુગાર ખેલતા રમીજભાઈ રશીદભાઈ કુરેશી ઉ.વ.૩૧ રહે.ખાસફળીની બાજુમાં સાતસંચા પાલનપુર અને અકબરભાઈ મહંમદભાઈ બાબી ઉ.વ.૫૫ રહે. કંટોળ ની બાજુમાં સલેમપુરા પાલનપુર વાળો પોલીસ ના હાથે ઝડપાઈ ગયા હતા પોલીસે આ જુગારીયાઓ પાસેથી રૂ.૧૮૩૦ રોકડ રકમ અને એક હજારની કિંમતના બે મોબાઈલ મળીને કુલ રૂ.૨૮૩૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો જોકે પોલીસની આ રેડ દરમ્યાન અહીં જુગાર ખેલતા મુન્નાભાઈ કડુભાઈ બેલીમ રહે.સાતસંચા પાલનપુર,મુશીર ભાઈ રીયાજભાઈ ભિસ્તી રહે.સાતસંચા પાલનપુર અને ઈમરાન રહે. ગુંજફળી પાલનપુર વાળો પોલીસ ને ચકમો આપી નાસી છૂટ્યા હોય પોલીસે પકડાયેલા તેમજ ફરાર કુલ મળી ને પાંચ આરોપી વિરુદ્ધ પૂર્વપોલિસ મથકે જુગારધારા ની કલમ હેઠળ પોલીસ ફરિયાદ નોંધીને તપાસ હાથ ધરી છે.

ઉત્કૃષ્ટ કામગીરી બદલ સાબરકાંઠા પોલીસને પાંચ એવોર્ડ મળ્યા

હિંમતનગર, તા. ૧૩

વર્ષ ૨૦૧૮-૧૯માં સાબરકાંઠા પોલીસ તંત્ર દ્વારા વિવિધ ગુનાઓનો ભેદ ઉકેલવા માટે ઉપયોગમાં લેવાયેલ ટેકનોલોજી દ્વારા એક વર્ષમાં અનેક ગુનાઓમાં ભેદ ઉકેલવા માટે પ્રયાસ કરીને જે સફળતા મેળવી છે તે બદલ સાબરકાંઠા જિલ્લા પોલીસને રાજ્યકક્ષાના પાંચ એવોર્ડ મળ્યા છે. જેમાં ઈગુજકોપ તથા ઈકોપક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરનારને તથા સાયબર ક્રાઈમમાં સારી કામગીરી કરનારને સાયબરકોપ એવોર્ડ અપાયા છે.

આ અંગે જિલ્લા પોલીસવડા ચૈતન્ય માંડલીકના જણાવાયા મુજબ વર્ષ-૨૦૧૮-૧૯માં સાબરકાંઠા પોલીસે વિવિધ ગુનાઓના ભેદ ઉકેલવા માટે કરેલ કામગીરીની રાજ્યકક્ષાએ નોંધ લેવાઈ છે. જે મુજબ સાબરકાંઠા પોલીસને ઈકોપના બે તથા સાયબરકોપના ત્રણ મળી એમ પાંચ એવોર્ડ મળ્યા છે. જે મુજબ એલસીબીના પીએસઆઈ જે.પી. રાવને ઈકોપ એવોર્ડ તથા એસઓજીના પીએસઆઈ એસ.એન. પરમાર, એચ.એમ. કાપડીયા તથા કોન્સ્ટેબલ અપેન્દ્રસિંહને સાયબરકોપનો એવોર્ડ મળ્યો છે.

ધીરૂભાઈ પટેલની આત્મકથા ''પરિશ્રમની પાંખે'' પુસ્તકનુ વિમોચન

વાત્રક હૉસ્પિટલના ચેરમેન ધીરૂભાઈ પટેલની આત્મકથા ''પરિશ્રમની પાંખે'' પુસ્તકનુ વિમોચન કરવામાં આવ્યું હતું. વર્ષોથી જેમણે વાત્રક હોસ્પિટલને પોતાની કર્મભૂમિ બનાવી છે અને સેવા આપી રહ્યા છે એવા વાત્રક હોસ્પિટલના ચેરમેન ધીરુભાઈ પટેલની સુંદર કામગિરીથી આજે વાત્રક હોસ્પિટલ આધુનિક સુવિધાઓથી સજ્જ બની છે. જેનાથી અરવલ્લી સાબરકાંઠા અને આજુબાજુના જિલ્લાના લોકો માટે આ હોસ્પિટલ આશીર્વાદરૂપબની છે અને આ પાછળ ધીરુભાઈ પટેલનું યોગદાન ખુબ જ મહત્વનું છે. આ પ્રસંગે વાત્રક હૉસ્પિટલના ચેરમેન ધીરુભાઈ પટેલે હોસ્પિટલમાં ૧૫ લાખનુ દાન આપ્યું હતું. આ કાર્યક્રમમાં અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સૌએ ધીરુભાઈ પટેલની કામગિરીને બિરદાવી હતી. આ કાર્યક્રમમાં સાહિત્યકાર અને વરિષ્ઠ પત્રકાર પદ્મશ્રી દેવેન્દ્રભાઈ પટેલ, કેશુભાઈ દેસાઈ(સાહિત્યકાર), વિસરામભાઈ રૂડાની, પી.કે. લહેરી, સોમાભાઈ વી. પટેલ, ઈન્દુમતીબેન સંઘવી અને અશ્વિનભાઈ એસ. પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

અમદાવાદમાં ૫ લાખથી વધુ લોકો કિડનીની બીમારીથી પીડાય છે

૧,૫૦૦ નવા દર્દીઓને ડાયાલિસીસ અને કિડની પ્રત્યારોપણની જરૂર

અમદાવાદમાં અંદાજે ૫ લાખ લોકો કિડનીની કોઈક પ્રકારની બીમારીથી પીડિત છે, જેમાં પ્રત્યેક વર્ષે અંદાજે ૧,૫૦૦ જેટલા નવા દર્દીઓને ડાયાલિસીસ અથવા કિડનીના પ્રત્યારોપણની જરૂર પડે છે. અમદાવાદમાં વાર્ષિક માત્ર ૫૦૦થી ૬૦૦ કિડની પ્રત્યારોપણના કેસ થઈ રહ્યા છે તેમજ કિડનીની માગ તેના પુરવઠા કરતાં અનેક ગણી વધુ છે. વર્લ્ડ કિડની ડેના પ્રસંગે શેલ્બી હોસ્પિટલના નેફ્રોલોજિસ્ટ્સ દ્વારા આમ જણાવાયું હતું.

અમદાવાદની શેલ્બી હોસ્પિટલ્સના કન્સલ્ટન્ટ નેફ્રોલોજિસ્ટ અને ટ્રાન્સપ્લાન્ટ ફિઝિશિયન ડૉ. જીગર શ્રીમાળીએ જણાવ્યું હતું કે, 'ક્રોનિક કિડની ડિસીસ (સીકેડી - કિડનીની દીર્ઘકાલીન બીમારી)ને ત્રણ મહિનાથી વધુ સમયથી કિડની માળખા અથવા સંચાલનમાં કોઈ વિકૃતિ તરીકે ઓળખી કાઢવામાં આવી છે. સીકેડી રજિસ્ટ્રી મુજબ ભારતમાં ૬ ટકા લોકો સિગ્નિફિકન્ટ કિડની ડિસીસ (સ્ટેજ ત્રણ અને વધુ, ગ્લોમેરુલર ફિલ્ટરેશન રેટ પ્રતિ મિનિટ ૬૦ મીલીથી ઓછો)થી પીડિત છે. જોકે, ગુજરાતમાં સિગ્નિફિન્ટ ક્રોનિક કિડની ડિસીસનું પ્રમાણ રાજ્યની વસતીના અંદાજે ૮.૯ ટકા જેટલું છે.'

ડૉક્ટરો પણ દેશમાં ક્રોનિક કિડની ડિસીસના મુખ્ય કારણો સુધી પહોંચી ગયા છે. ડૉ. જીગર શ્રીમાળીએ જણાવ્યું હતું કે, 'સીકેડીના ટોચના ત્રણ ગંભીર કારણોમાં ડાયાબીટીસ (બધા જ કેસોમાં ૩૦ ટકા જેટલું યોગદાન), હાઈપરટેન્શન (૧૫ ટકા), અને ગ્લોમેરુલોનેફ્રિટિસ (૧૫-૨૦ ટકા)નો સમાવેશ થાય છે. અન્ય જોખમી પરીબળોમાં સ્થૂળતા, ધૂમ્રપાન અને ઓવર ધ કાઉન્ટર પેઈન કિલર્સનો વધુ પડતો ઉપયોગનો સમાવેશ થાય છે.'

સીકેડી સામે નિવારક પગલાં અંગે વાત કરતાં ડૉ. જિગર શ્રીમાળીએ જણાવ્યું હતું કે, 'કિડનીની બીમારીને દૂર રાખવા માટે લોકોએ દિવસમાં ૮ થી ૧૦ ગ્લાસ પ્રવાહી પીવું જોઈએ, ઓવર-ધ-કાઉન્ટર પેઈન કિલર્સનો વપરાશ ટાળવો જોઈએ, બ્લડ પ્રેશર અને ડાયાબિટીસને નિયંત્રણમાં રાખવા જોઈએ, ધૂમ્રપાન બંધ કરો અને નિયમિત કસરત અને સારા આહાર સાથે સામાન્ય જીવનશૈલી અપનાવવી જોઈએ. અને દર્દી ઈએસઆરડી (એન્ડ સ્ટેજ કિડની ડીસીસ) સુધી પહોંચે છે ત્યારે તેને હૃદય જેવા શરીરના અન્ય મહત્વના અંગોને વધુ નુકસાન થતું અટકાવવા માટે કિડની પ્રત્યારોપણની જરૂર પડે છે.

સંસ્કારોત્સવમા ગૌરવપદ સન્માન

કલા અને સાહિત્યની અખિલ ભારતીય સંસ્થા સંસ્કાર ભારતી દ્વારા રાજકોટ ખાતે આયોજિત કરાયેલા સંસ્કારોત્સવમા દેશવિદેશમા ખ્યાતિ ધરાવતા સુગમ સંગીતના લોકપ્રિય કલાકાર માયાદીપકને રાજ્યપાલશ્રી ડો.ઓમપ્રકાશ કોહલીએ સંસ્કાર વિભૂષણ એવોર્ડથી સન્માનીત કરી તેમનું ગૌરવપદ અભિવાદન કર્યુ હતું. આ પ્રસંગે કલાકાર માયાદીપકે શહીદોની સ્મૃતિમાં દેશભક્તિ ગીતનો કાર્યક્રમ પ્રસ્તુત કરી પુલવામા આંતકી હુમલામાં શહીદ થયેલા જવાનોને શ્રધ્ધાજંલિ અર્પિત કરી હતી. સંસ્કાર ભારતીના અખિલ ભારતીય ઉપાધ્યક્ષ ડો. પ્રેમિલા ગુરૂમૂર્તિ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રાંત સહ સેવા પ્રમુખ નરેન્દ્ર દવે, ગુજરાત રાજ્ય સંગીત નાટ્ય અકાદમીના અધ્યક્ષ પંકજ ભટ્ટ, સંસ્કાર ભારતી ગુજરાતના અધ્યક્ષ ડો. રાજુજી પરમાર અને સંયોજક ડો.જયેન્દ્રસિંહ જાદવ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. સંસ્કારોત્સવમા રાજયના બાર જેટલા કલાકારોનું સંસ્કાર વિભૂષણ એવોર્ડથી સન્માન કરાયું હતું.

લોકસભાની ચૂંટણીમાં ૧૩૫ રૂટ નક્કી કરાયા

હિંમતનગર, તા. ૧૩

સાબરકાંઠા લોકસભા બેઠકની આગામી તા. ૨૩ એપ્રિલે યોજાનાર ચૂંટણીને ધ્યાનમાં રાખીને સાબરકાંઠા જિલ્લા ચૂંટણી શાખા દ્વારા આગોતરૂ આયોજન કરાઈ રહ્યુ છે ત્યારે જિલ્લામાં આવેલા અંદાજે ૧૩૨૩ મતદાન મથકો પર મતદાનની પ્રક્રિયા સુચારૂ અને શાંતિપૂર્ણ રીતે સંપન્ન થાય તે માટે મુખ્ય જિલ્લા ચૂંટણી અધિકારીના માર્ગદર્શન હેઠળ ૧૩૫ ઝોન રૂટ અને ટ્રક રૂટ બનાવાયા છે જેમાં સૌથી વધુ રૂટ ખેડબ્રહ્મા વિધાનસભા બેઠકમાં આવેલ છે.

આ અંગે નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી મુકેશભાઈ પરમારના જણાવાયા મુજબ તા. ૨૩ એપ્રિલે યોજાનાર સાબરકાંઠા લોકસભા બેઠકની ચૂંટણીના મતદાનના દિવસે જિલ્લામાં આવેલા ૧૩૨૩ મતદાન મથકો પર મતદાન કરવા આવતા તમામ મતદારોને કોઈ મુશ્કેલી વેઠવી ન પડે તે માટે ચૂંટણીપંચે જાહેર કરેલી માર્ગદર્શીકા મુજબ મતદાન શરૂ થાય તે પહેલા અને મતદાન પૂર્ણ થયા બાદ ઈવીએમ હિંમતનગર ખાતે પહોંચે ત્યાં સુધીની કામગીરીની ફાળવણી કરવામાં આવી છે.

જિલ્લાના તમામ મતદાન મથકોને આવરી લેવા માટે ૧૩૨ ઝોન અને ટ્રક રૂટ નક્કી કરવામાં આવ્યા છે જે મુજબ હિંમતનગર બેઠક માટે ૩૨, ઈડર-૩૫, ખેડબ્રહ્મા-૩૮ તથા પ્રાંતિજ-તલોદ વિધાનસભા બેઠક માટે ૩૦ એમ ળી ૧૩૫ રૂટ નક્કી કરાયા છે તથા કામગીરીની દેખરેખ રાખવા માટે ૧૩૫ ઝોનલ ઓફીસરો નિમાશે જોકે કોઈપણ મુશ્કેલી ઉભી થાય તો ચારેય વિધાનસભા બેઠક માટે ૧૪ ઝોનલ ઓફીસરોને રીઝર્વ રખાશે.

હજુ તો ચૂંટણીને અત્યારે ૪૦ દિવસ બાકી છે ત્યારે વહિવટીતંત્રએ જે પ્રકારે કામગીરી શરૂ કરીને તથા વધુને વધુ લોકો મતદાન કરે તે માટે જિલ્લામાં તંત્ર દ્વારા લોકજાગૃતિના કાર્યક્રમોનું આયોજન કરાઈ રહ્યુ છે તે જોતાં ભૂતકાળમાં થયેલી ચૂંટણીના મતદાનની ટકાવારી કરતા આ વખતે તે આંક વધવાની શક્યતા નકારી શકાતી નથી.

કાંકણોલ પાસેથી ૧૭.૭૦ લાખનો વિદેશી દારૂ પકડાયો

હિંમતનગર, તા. ૧૩

લોકસભાની ચૂંટણી જાહેર થઈ ગઈ છે ત્યારે કેટલાક બુટલેગરો દારૂની હેરાફેરી કરવા માટે સક્રિય બની ગયા છે ત્યારે મંગળવારે બાતમીને આધારે હિંમતનગર એડીવીજન પોલીસે કાંકણોલ નજીકથી પાસપરમીટ વિના ટ્રકમાં ભરીને લઈ જવાતા રૂ. ૧૭.૭૦ લાખની વિદેશી દારૂની ૪૫૫ પેટી કબ્જે લઈ રાજસ્થાનના બે ઈસમોની અટકાયત કરી લીધી હતી. જોકે પોલીસને જોઈને ભાગી ગયેલા અન્ય બે ઈસમોની શોધખોળ કરાઈ રહી છે.

આ અંગે એડીવીઝનના પોલીસના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ મંગળવારે તેમને એવી બાતમી મળી હતી કે શામળાજી તરફથી એક ટ્રકમાં પાસપરમીટ વિના દારૂનો મોટો જથ્થો હિંમતનગર થઈ અમદાવાદ તરફ લઈ જવાઈ રહ્યો છે જે આધારે એડીવીઝન પોલીસે કાંકણોલ નજીક વોચ ગોઠવી વાહનોનું ચેકીંગ હાથ ધર્યુ હતુ. દરમિયાન અગાઉ મળેલી બાતમીને આધારે અહીંથી પસાર થઈ રહેલ ટ્રક નં. યુપી.૨૪.ટી.૧૦૫૪ને શંકાને આધારે ઉભી રખાવી હતી. ત્યારબાદ તેમાં તપાસ કરતા ટ્રકમાંથી પાસ પરમિટ વિનાની રૂ. ૧૭.૭૦ લાખની વિવિધ માર્કાવાળી દારૂની ૪૫૫ પેટી મળી આવી હતી. જેથી પોલીસે ટ્રકના ચાલક લીયાકત ઉર્ફે આરીફ સુબાનખાન મુસલમાન (રહે. હરીયાણા) તથા શહેજાદ જમાલુ (રહે. હરીયાણા)ને ટ્રકમાંથી નીચે ઉતારી પાસ પરમિટ અંગે પૂછપરછ કરી હતી અને જો પાસપરમિટ હોય તો તે રજુ કરવા માટે જણાવ્યુ હતુ.

પરંતુ પકડાયેલા આ બંજણાએ દારૂની હેરાફેરી માટેની કોઈ પરમીટ રજુ ન કરતા એડીવીજન પોલીસે તરત જ દારૂ ભરેલી ટ્રક તથા બંને જણા પાસેથી મોબાઈલ અને ટ્રક મળી રૂ. ૨૯.૭૯ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે લીધો હતો.

મનના ઉમંગો ● ચોથા પાનાનું ચાલું

ફૂલમાં ઉઘડે આંગણું ફૂલમાં ચૌદે લોક
ફૂલ વગરના આંગણે જીવ્યું જીવતર ફોક.
ફૂલમાં પગલાં દેવનાં ફૂલમાં પ્રીતમ વાસ
ફૂલ અમારી એષણા ફૂલ અમારા શ્વાસ.
નભમાં જેવા તારલા એવાં વેણીફૂલ
પાંપણ-આંસુ-તોરણો મૂલ એનાં અણમૂલ.
ફૂલથી માટી મ્હેંકતી ફૂલથી મ્હેંકે પ્રીત
મ્હેંકી મ્હેંકી મટી જવું એની નોખી રીત.
ફૂલને ના કોઈ ફૂળ છે એને કેવળ મૂળ
એ ચાહે આકાશને પણ ના ભૂલે ધૂળ.
માટી એને આપતી જાતજાતના રંગ
મળતો ફૂલને એટલે પતંગિયાનો સંગ.
ફૂલને કાંટા હોય છે હોય ઘણાં સુખ;દુખ
ટગટગ હસતાં ફૂલ તો શૂળને માને સુખ.
ફૂલ નેહનું નામ છે ફોરમને ના રોક
પડદે ઢાંક્યું નહીં રહે એમાં સૂતું કોક

મણિલાલ હ. પટેલ

ઉનાળા પર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અહેસાસ થવા પામ્યો હતો. તેમજ શરીરની જકડન, સ્નાયુઓ, સાંધાઓની અકડન જેવી તકલીફો પણ ઉમટી આવી હતી. દરેકને આ સાથે ચિંતા સતાવી હતી કે ક્યાંક માવઠું ના થાય..!!

જો કે, શહેરમાં મહત્તમ તાપમાન એક ડિગ્રી વધીને ૩૨.૮ ડિગ્રી સે. નોંધાયું હતું પરંતુ લઘુત્તમ તામપાન જે ગત રોજ ૧૮ ડીગ્રી હતું તે વધુ ગગડીને ૧૨.૪ ડિગ્રી સે. નોંધાયું હતું. જયારે ભેજનું પ્રમાણ સવારે જે ૫૭ ટકા નોંધાયું હતું તે સાંજે ઘટીને માત્ર ૨૬ ટકા રહેવા પામ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે શહેરમાં અત્યારની ઋતુમાં 'આંખો આવવાના' દર્દીઓમાં વધારો થયો છે તેમાં આ વાતાવરણથી રાહત મળશે તેવું જણાઈ રહ્યું છે.

એફિડેવીટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરી દીધા છે. કેન્દ્ર સરકારે એફિડેવિટમાં એમ પણ કહ્યું છે કે, અરજીમાં જે સંવેદનશીલ દસ્તાવેજોને આધાર બનાવવામાં આવ્યા છે તે એક શ્રેણીના છે. તેમના માટે સાક્ષી કાયદાની દ્રષ્ટિએ વિશેષાધિકારના દાવા કરી શકાય છે.

હકીકતમાં સુપ્રીમ કોર્ટના એટર્ની જનરલ કેકે વેણુગોપાલની આ ટિપ્પણીથી રાજકીય ભૂકંપની સ્થિતિ સર્જાઈ ગઈ છે. રાફેલ યુદ્ધ વિમાનના સોદા સાથે સંબંધિત દસ્તાવેજો ચોરી થઈ ગયા છે તેવા નિવેદન બાદ દેશભરમાં હોબાળો થયો હતો. મોડેથી એટર્ની જનરલે દાવો કર્યો હતો કે, રાફેલ દસ્તાવેજો સંરક્ષણ મંત્રાલયથી ચોરી કરવામાં આવ્યા નથી. સુપ્રીમ કોર્ટના તેમની બાબતનો મતલબ એ હતો કે, અરજી કરનાર લોકોએ અરજીમાં એવા મૂળભૂત કાગળોની ફોટો કોપીનો ઉપયોગ કર્યો હતો જે ગુપ્ત હોય છે. રાફેલના દસ્તાવેજો લીક થવાને લઈને વિરોધ પક્ષોએ સરકાર ઉપર આકરા પ્રહારો કર્યા હતા.

તપાસ થાય

● અનુસંધાન પહેલાનું ચાલુ

બિહારી વાજપેયીની ખોટી નીતિઓના કારણે જ જમ્મુ કાશ્મીરની સ્થિતિ બગડી છે. તેમણે કહ્યું કે, કોંગ્રેસ હંમેશા જમ્મુ કાશ્મીરની સ્થિતિ સુધારવાનો પ્રયાસ કરતી રહી, પરંતુ ભાજપની ખોટી નીતિઓના કારણે આજે ત્યાં સ્થિતિ બગડેલી છે.

૨૦૦૪માં જ્યારે યુપીએની સરકાર બની તો ત્યાંની સ્થિતિ ઘણી બગડેલી હતી. વાજપેયી સરકારની ખોટી રાજકીય નીતિઓના કારણે કાશ્મીરની સ્થિતિ બગડેલી છે. અમારી સરકારની રણનીતિથી ત્યાંના સ્થિતિ સુધરી. અમે પાકિસ્તાન પર દબાવ બનાવવામાં સફળ રહ્યાં. અમે જમ્મુ કાશ્મીરની જનતાની સાથે તાલમેલ વધારી રહ્યાં હતા. તેની સાથે જ તેઓએ કહ્યું કે, રોબર્ટ વાડ્રા પર સરકારને દરેક કાર્યવાહી કરવાનો અધિકાર છે. તમારી પાસે બધા સંસાધન છે, પરંતુ શું ક્યારેય પીએમે પોતે રાફેલ પર એક શબ્દ પણ બોલ્યો છે? રોબર્ટ વાડ્રા તપાસમાં સહયોગ કરી રહ્યા છે, પરંતુ સમગ્ર દેશ જાણે છે કે પીએમે રાફેલ ડીલમાં શું કર્યું.

યુદ્ધ વિમાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

હા